<u>જાહેરનામું</u>

**ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) ના કલમ ૩૬(ગ) (ધ) તથા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ કાઢેલ હુકમ**

નં.વિશા/એ સેકશન/પરમીટ/૫૪/૨૦૧૯
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ,અમદાવાદશહેર.તા.૨૦.૦૪.૨૦૧૯

અમદાવાદ શહેર વિસ્તારની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ અનુસંધાને નક્કી કરેલ મતદાન મથકોએ લોકસભા ચૂંટણી માટે મતદાન થનાર છે. જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર છે તે મતદાન મથકો ઉપર તથા નજીકના વિસ્તારોમાં મતદાનના દિવસે અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે.

હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમની કલમ ૩૬(ગ) અને (ધ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સદરહુ ચુંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ...

(૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેણીએ તેમાં ઉભા રહેવું.

(૨) મતદારે મતદાન મથકમાં લાઇન મુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

(૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તે વિસ્તાર છોડી તુરંત જ ચાલ્યા જવું.

આ હુકમ મતદાન ના દિવસ માટે એટલે કે **તા.૨૩/૦૪/૨૦૧૯ ના સવાર કલાક ૦૦.૦૦ થી રાત્રિના કલાક ૨૪.૦૦** સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૪ અને ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગું પડશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવી, તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૨૦/૦૪/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.